Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

5 ડિસેમ્બર, 2020/16715

**શ્રી એ.વી.શાહ**
મેમ્બર સેક્રેટરી
ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડ
પર્યાવરણ ભવન
સેક્ટર 10-એ
ગાંધીનગર -10

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

**વિષય: Treatment, Storage and Disposal Facilities (TSDF) સાઈટને ચાલુ કરવા તાત્કાલિક ધોરણે મંજૂરી આપવા બાબત**

માનનીય સાહેબશ્રી,

શુભેચ્છાઓ.

કેમીકલ ઉધોગના ઘન કચરાને નિયમ મુજબ નિકાલ કરવા માટે ગુજરાતમાં આશરે 10 જેટલી સાઈટો હતી પરંતુ મોટા ભાગની સાઈટો ભરાઈ જવાને કારણે બંધ થઇ ગઈ છે જેના પર પ્લાન્ટેશન અને લોન ઉગાડવામાં આવી છે, જે પર્યાવરણની શોભા વધારી રહી છે. હાલમાં ઉધોગોના કચરાના નિકાલ માટે 4 સાઈટો કાર્યરત છે અને તે પણ ટૂંક સમયમાં ભરાઈ જશે જેને કારણે ભવિષ્યમાં ઉધોગોને ઉત્પાદન દરમિયાન નીકળતા ઘન કચરાના નિકાલ માટે મુશ્કેલી ઉભી થશે.

હાલ જમિયતપુરા, તા. બાલાશિનોર જિ. મહીસાગર ખાતે આવેલ મૌર્ય એન્વિરો પ્રોજેક્ટ્સ લી. એ GPCB ના માર્ગદર્શન હેઠળ એક TSDF સાઇટનું નિર્માણ કર્યું છે. આ સાઈટને GPCB તેમજ ગુજરાત રાજ્ય તરફથી વર્ષ 2017 માં EC તેમજ NOC મળ્યા બાદ કંપનીએ સાઇટનું કામ વર્ષ 2017 માં શરુ કરી દીધું હતું. GPCB ની સંપૂર્ણ ગાઇડલાઇન મુજબ કામગીરી શરુ કરી વર્ષ 2019 ના અંત સુધીમાં કામ પૂરું કરી દેવામાં આવ્યું છે. આ સાઈટની કામગીરી દરમિયાન GPCB તેમજ રાજ્યના અધિકારીઓશ્રીને કામગીરીની પ્રગતિ વિષે સમયાંતરે જાણકારી આપતા રિપોર્ટ તૈયાર કરીને આપવામાં આવ્યા હતા અને તેઓશ્રી દ્વારા સાઈટ વિઝીટ કરી જરૂરી માર્ગદર્શન-સૂચનો પણ આપ્યા હતા જેનો અમલ તરત જ કરી દેવામાં આવ્યો હતો. સાઇટનું કામ પૂર્ણ થયા બાદ તા: 14.02.2020 ના રોજ ઓનલાઇન અરજી કરી સાઈટ માટે કન્સેન્ટ ટુ ઓપરેટની મંજૂરી માગેલ. અરજીના અનુસંધાને તા: 7.3.2020 ના રોજ GPCB ના સભ્ય સચિવશ્રી દ્વારા સીસીએ ગ્રાન્ટ કર્યાના મેસેજ તેમજ પ્રોવિઝનલ કન્સેન્ટ ઓર્ડર આપવામાં આવ્યું હતું પરંતુ બીજા જ દિવસે આ કન્સેન્ટ પરત ખેંચી લેવામાં આવેલ હતી અને પરત ખેંચવાનો કોઇ કારણો પણ જણાવવામાં આવેલ નથી અને પુન: સીસીએ ગ્રાન્ટ કરેલ નથી.

વધુમાં જણાવવાનું કે ઉપરોક્ત સાઈટના નોટિફિકેશન માટે જી GPCB દ્વારા પર્યાવરણ વિભાગમાં વર્ષ 2019 માં દરખાસ્ત દાખલ કરવામાં આવી છે તેના અનુસંધાને તા: 4.6.2020 રોજ સબ કમિટી બનાવી હતી. આ કમિટી દ્વારા સાઈટ વિઝીટ કરી તેનો રિપોર્ટ કમિટી દ્વારા જીપીસીબીને 150 દિવસ એટલે કે આશરે 5 મહિના પહેલા રજૂ કરવામાં આવ્યો હતો તેમ છતાં આજ દિન સુધી સાઈટ નોટિફાઇ કરવાની કામગીરી પૂર્ણ થયેલ નથી.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

ગુજરાત રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા: 14-1-2017 ના સિંગલ વિન્ડો ક્લિયરન્સ ના નિયમો મુજબ સીસીએની મંજૂરી માટે બોર્ડ દ્વારા 120 દિવસમાં નિર્ણય કરવાનો થાય છે પરંતુ સદર સાઈટે કરેલ અરજીને આશરે 250 દિવસથી પણ વધુ સમય થયેલ છે તેમ છતાં જીપીસીબી દ્વારા કોઇ પૂર્તતા અથવા કોઇ પણ જાણ કર્યા વગર વિલંબ કરવામાં આવી રહ્યો છે. અગાઉ કરેલ રજૂઆતો અને તેના લેખિત દસ્તાવેજ આપની જાણ સારું બીડાણ કરેલ છે

આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે આપ TSDF સાઈટ ઓપરેટ કરવા માટેની મંજૂરી માટે પર્યાવરણ વિભાગ ને યોગ્ય સૂચન કરશો.

આપનો વિશ્વાસુ,

યોગેન્દ્રકુમાર ત્રિવેદી

સેક્રેટરી જનરલ

**બિડાણ :**

1. SLEIAA નો તા: 29.04.2017 નો EC પત્ર
2. GPCB નો તા:05.07.2017 ના રોજ આપવમાં આવેલ NOC
3. રજૂઆતો

**નકલ રવાના** : ડિરેકટર શ્રી, મૌર્ય એન્વાઇરો પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org | www.gujaratchamber.org